# પરમાત્મા અને આત્મા વિશેની સાચી ઓળખ


માનવ જીવનનો સૌથી મોટો પ્રશ્ન એ છે કે “હું કોણ છું?” અને “આ જગતનું મૂળ શું છે?” આ પ્રશ્નોના જવાબમાં જ આત્મા અને પરમાત્માની સાચી ઓળખ સમાઈ છે. ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મિક ગ્રંથોમાં આત્મા અને પરમાત્મા વિશે ઊંડાણપૂર્વક સમજ આપવામાં આવી છે.

આત્મા એ શરીર નથી પરંતુ શરીરમાં વસતી ચેતન શક્તિ છે. માણસનું શરીર જન્મે છે, વૃદ્ધ થાય છે અને એક દિવસ નાશ પામે છે પરંતુ આત્મા ક્યારેય નાશ પામતો નથી. ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે આત્મા અજર, અમર અને અવિનાશી છે. જેમ માણસ જૂનાં કપડાં બદલીને નવા પહેરે છે, તેમ આત્મા એક શરીર છોડીને બીજું શરીર ધારણ કરે છે.

પરમાત્મા એ સમગ્ર સૃષ્ટિનો સર્જનહાર અને સંચાલક છે. તે દરેક જીવમાં અને દરેક કણમાં વ્યાપ્ત છે. પરમાત્મા કોઈ એક સ્વરૂપમાં સીમિત નથી; તે નિરાકાર પણ છે અને ભક્તિના ભાવથી વિવિધ સ્વરૂપોમાં પણ અનુભવી શકાય છે. સૂર્ય જેમ સમગ્ર દુનિયાને પ્રકાશ આપે છે તેમ પરમાત્મા સમગ્ર બ્રહ્માંડને ચેતના અને શક્તિ આપે છે.

આત્મા અને પરમાત્માનો સંબંધ ખૂબ જ ગાઢ છે. આત્મા પરમાત્માનો અંશ માનવામાં આવે છે. જેમ દરિયાનું એક ટીપું દરિયાથી અલગ હોવા છતાં તેના ગુણ ધરાવે છે, તેમ આત્મા પણ પરમાત્માની જ ચેતનાનો અંશ છે પરંતુ અજ્ઞાન, અહંકાર અને માયાના કારણે મનુષ્ય પોતાની સાચી ઓળખ ભૂલી જાય છે અને માત્ર શરીરને જ ‘હું’ માને છે.

જ્યારે મનુષ્ય ધ્યાન, ભક્તિ, સત્ય અને સારાં કર્મો દ્વારા આત્મચિંતન કરે છે ત્યારે તેને પોતાની અંદર રહેલી દિવ્ય શક્તિનો અનુભવ થાય છે. આ જ આત્મજ્ઞાન છે. આત્મજ્ઞાન પ્રાપ્ત થતાં મનુષ્યના જીવનમાં શાંતિ, પ્રેમ અને કરુણાનો વિકાસ થાય છે. તે પછી મનુષ્યને સમજાય છે કે દરેક જીવમાં એક જ પરમાત્મા વસે છે, એટલે કોઈ પ્રત્યે દ્વેષ રાખવાનો અર્થ નથી.



**ધર્મરંગ**

**વ્યોમા સેલર**

આ રીતે આત્મા અને પરમાત્માની સાચી ઓળખ મનુષ્યને જીવનનો સાચો માર્ગ બતાવે છે. આ ઓળખ માણસને ભૌતિક સુખોથી ઉપર ઉઠાવીને આધ્યાત્મિક આનંદ તરફ દોરી જાય છે. સાચું સુખ બહાર નહીં, પરંતુ પોતાની અંદર રહેલા આત્મા અને પરમાત્માના મિલનના અનુભવમાં જ સમાયેલું છે.

આત્મા અને પરમાત્માનું જ્ઞાન માનવ જીવનને પ્રકાશિત બનાવે છે. આજના સમયમાં માણસ બહારની દુનિયામાં સુખ શોધવામાં એટલો વ્યસ્ત થઈ ગયો છે કે પોતાની અંદરની શક્તિને ઓળખવાનું ભૂલી ગયો છે. ધન, પ્રતિષ્ઠા અને ભૌતિક સુવિધાઓ થોડા સમય માટે આનંદ આપી શકે પરંતુ આત્મિક શાંતિ માત્ર આત્મજ્ઞાનથી જ પ્રાપ્ત થાય છે.

આત્મા એ મનુષ્યની અંદર રહેલું સત્ય સ્વરૂપ છે. શરીર બદલાય છે, વિચારો બદલાય છે પરંતુ આત્મા હંમેશાં એકસરખો અને શાશ્વત રહે છે. આત્મા કોઈ જાતિ, ધર્મ કે ભાષાથી બંધાયેલો નથી. દરેક જીવમાં એકસરખી ચેતના કાર્ય કરે છે. આ સમજણ માણસમાં સમાનતા અને માનવતાનો ભાવ જગાવે છે.

પરમાત્મા કોઈ દૂર બેઠેલી શક્તિ નથી પરંતુ આપણા દરેક શ્વાસમાં રહેલો દિવ્ય અનુભવ છે. જ્યારે મનુષ્ય નિષ્કપટ ભક્તિ, પ્રેમ અને સત્યના માર્ગે ચાલે છે ત્યારે તે પરમાત્માની નજીક પહોંચે છે. મંદિરો, મસ્જિદો કે અન્ય ધાર્મિક સ્થળો આપણને માર્ગ બતાવે છે પરંતુ પરમાત્માનો સાચો અનુભવ પોતાના હૃદયમાં જ થાય છે.

> પરમાત્મા એ સમગ્ર સૃષ્ટિનો સર્જનહાર અને સંચાલક છે. તે દરેક જીવમાં અને દરેક કણમાં વ્યાપ્ત છે. પરમાત્મા કોઈ એક સ્વરૂપમાં સીમિત નથી; તે નિરાકાર પણ છે અને ભક્તિના ભાવથી વિવિધ સ્વરૂપોમાં પણ અનુભવી શકાય છે. સૂર્ય જેમ સમગ્ર દુનિયાને પ્રકાશ આપે છે તેમ પરમાત્મા સમગ્ર બ્રહ્માંડને ચેતના અને શક્તિ આપે છે

મનુષ્ય જ્યારે ક્રોધ, લોભ, અહંકાર અને ઈર્ષ્યાને છોડીને સદાચાર અપનાવે છે ત્યારે આત્માની શુદ્ધતા પ્રગટ થવા લાગે છે. ધ્યાન અને પ્રાર્થના મનને શાંત બનાવી આત્માને પરમાત્મા સાથે જોડવાનું કાર્ય કરે છે. આત્મા અને પરમાત્માની સાચી ઓળખ એ સમજાવે છે કે જીવન માત્ર જન્મ અને મૃત્યુ વચ્ચેનો સમય નથી પરંતુ આત્માના ઉન્નતિની યાત્રા છે. જે વ્યક્તિ આ સત્યને સમજી લે છે તે દરેક પરિસ્થિતિમાં સ્થિર અને આનંદિત રહે છે. સાચી આધ્યાત્મિકતા એ બહારના દેખાવમાં નહીં પરંતુ અંદરના પ્રકાશને ઓળખવામાં છે.

# જય હનુમાન અને બાઉલ

પશ્ચિમ બંગાળના હુબલી નદીના કાંઠે, તમલૂકથી 30 km દક્ષિણે, નારાદહિ ગામના નદીકાંઠે જતીનદાસ વૈષ્ણવ બાઉલ છે. અમે તેને મળવા ગયા ત્યારે શનિવાર હતો. મારી સાથે કલકત્તાથી મિલન શેઠ જોડાયા હતા. અમે તેના આશ્રમે જઈ તેને વંદન કરી બેઠા. જતીન સાથે ચાર વર્ષ પહેલાં કેંદુલી મેળામાં ગાઢ પરિચય થયેલો હતો. તે ઉચ્ચ અને સાધક કક્ષાનો બાઉલ હતો.

તેણે મિલનને પૂછ્યું, ‘‘તમારા કાનની બુટ પાછળ કાળો ડાઘ કેમ છે?’’

મિલન ગભરાઈ ગયો. કારણ કે કોઈ પોતાના ચહેરા પર પડેલા ડાઘને જોઈ શકતું નથી, તે તો બીજા જ જોઈ શકે છે! તેથી મેં જોયું. જવાબ આપ્યો, ‘‘કશું નથી, જતીન! અમારા મિલનભાઈ હનુમાનના ઉપાસક છે, બજરંગ પ્રેમી છે, તેથી આજે શનિવારે હનુમાનજી મહારાજના મંદિરે ગયા હશે, તો તેની મરી-પ્રસાદનું લેપન કાનની બુટ પર લગાવેલ છે.’’

મારો જવાબ સાંભળી બાઉલ હસીને બોલ્યા, ‘‘પ્રસાદ તરીકે મરી લીધી તો કાંઈ ભોગ ધરાવ્યો?’’

**બાઉલ કથા**



**લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ**

મિલન બોલ્યો, ‘‘હા, આંકડાનાં ફૂલની માળા ચડાવી છે ને!’’

જતીનદાસ બોલ્યા, ‘‘મિલનબાબુ! તમે તો ખૂબ જ ભણેલ, મોટા નગર કલકત્તાના વાસી એવા ભદ્ર લોક છો , મને કહો ને, હનુમાનજીને આંકડાની માળા જ કેમ ચઢે છે?’’



મિલન તો બાઉલની સામે જ જોઈ રહ્યા. સાત વર્ષની ઉંમરથી ત્રણ દાયકા સુધી આ માળા-પૂજન કરનાર મિલને ક્યારેય વિચાર નહોતો કર્યો કે આવો પ્રશ્ન પણ આવશે!

તેણે થાકીને કહ્યું, ‘‘ખબર નથી, બાઉલ મારી તો શ્રદ્ધા છે!’’

બાઉલ બોલ્યા, ‘‘શ્રદ્ધા સારી વસ્તુ છે પણ બધી શંકાને ભેદીને આરપાર નીકળેલી શ્રદ્ધા ક્યારેય અશ્રદ્ધા કે અંધશ્રદ્ધામાં બદલાતી નથી! તેથી હંમેશાં જેના પર શ્રદ્ધા હોય તે વસ્તુને પણ સૌ પ્રથમ તર્કથી પૂરેપૂરી ચકાસી લેવી.’’ પછી આશ્રમના બગીચામાંથી ફૂલ સાથેની આંકડાની એક ડાળી તોડી લાવ્યાં, મિલનને બતાવ્યું કે ‘‘મિલનભાઈ, જુઓ, તમે આખા ફૂલને બદલે વચ્ચે પાંખડી જેવું, મોતી જેવાં ષટકોણીય ભાગને દોરામાં પરોવી માળા બનાવો છો ને?’’

મિલન બોલ્યો, ‘‘હા.’’

ફૂલમાંથી બાઉલે તે ષટકોણીય ભાગ તોડીને બતાવ્યો અને કહ્યું, ‘‘આ ભાગની નીચે, પાંદડી સાથે જે મૃદુ સોય જેવું છે, તે પુષ્પની સ્ત્રીકેસર છે! આ ષટકોણીય મોતી છે તે પુંકેસર છે !’’

આ આટલું કહી, ડાળખીને બાજુમાં મૂકી, અમારી સામું જોઈ અને બાઉલ બોલ્યો, ‘‘જન્મજાત બ્રહ્મચારી હનુમંતને જો બીજાં ફૂલ ચઢાવો તો તેનું અપમાન થાય કારણ કે બધા ફૂલમાં સ્ત્રીકેસર તો ફૂલની સાથોસાથ ચોટેલું જ હોય છે! તે દૂર કરવા જતા સમૂળગા ફૂલનો નાશ થઈ જાય તેવું સજ્જડ રીતે ફૂલ સાથે ચોટેલું હોય છે! માત્ર આ આંકડાનું ફૂલ જ એવું છે કે જેમાં સ્ત્રીકેસર સહેલાઈથી અલગ કરી શકાય. તે કારણે જ આ આંકડામાંથી, તેના ફૂલને ચૂંટી, તેની પાંખડી અને સ્ત્રીકેસરવાળો ભાગ અલગ કરી, તે પુંકેસરને જ દોરામાં પરોવી, તેની માળા પરંપરાને નિભાવતા નિભાવતા, શ્રદ્ધાપૂર્વક જન્મજાત બાળ બ્રહ્મચારી હનુમાનજી મહારાજને અર્પણ થાય!’’

> મિલન તો બાઉલની સામે જ જોઈ રહ્યા. સાત વર્ષની ઉંમરથી ત્રણ દાયકા સુધી આ માળા-પૂજન કરનાર મિલને ક્યારેય વિચાર નહોતો કર્યો કે આવો પ્રશ્ન પણ આવશે !

ફરી થોડું રોકાઈ અને બોલ્યા, ‘‘બોલ મિલન! આ જ્ઞાન મળવાથી તારી શ્રદ્ધા ડગમગી ગઈ કે પછી વધુ બળવાન બની?’’

મિલન આશ્ચર્ય સાથે બોલ્યો, ‘‘ના, બાઉલ! આ વાત તો તેં મને એક વૈજ્ઞાનિકની જેમ સમજાવી. તેનાથી મારી શ્રદ્ધા વધુ બળવાન બની.’’

સમાપન કરતા જતીનદાસ બોલ્યા, ‘‘મનુષ્ય શ્રદ્ધાના કવચને ચિંતન દ્વારા એટલું મજબૂત બનાવવું જોઈએ કે કોઈ રીતે શ્રદ્ધાને ભેદી ન શકાય.’’